ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCAT, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ સહાય

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ સશપ/૧૦૨૦૧૩/એનબી-૩૪૧/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૫/03/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) વિભાગનો તા.૦૬/૦૮/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૨) વિભાગનો તા.૨૯/૧૦/૨૦૧૪નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૩) વિભાગનો તા.૦૨/૦૧/૨૦૨૧નો સરખા ક્રમાંકનો ઠરાવ
(૪) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૧/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૦-૨૧/૧૧૪૮

સુધારા ઠરાવઃ-

વંચાણે લીધા ક્રમાંક (૩) પરના ઠરાવથી ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCAT, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ પેટે વિદ્યાર્થી દીઠ રૂ.૨૦,૦૦૦/- અથવા ખરેખર ચૂકવવાની થતી ફી એ બે પૈકી જે ઓછું હોય તે સીધી સહાય (ડીબીટી) તરીકે ચૂકવવાની યોજના અમલમાં છે.

વંચાણે લીધા ક્રમાંક (૪) પરના પત્રથી નિયામકશ્રી(વિ.જા.ક.)એ અનુસૂચિત જાતિ માટે અમલિત સમાન પ્રકારની યોજનાના ધોરણે ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCAT, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ આપવા માટે તાલીમી સંસ્થાઓની પસંદગી રીઝલ્ટબેઝ ક્રાઇટેરિયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી તાલીમી સંસ્થા એમ્પેનલ કરવા અંગે દરખાસ્ત કરેલ છે, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાના અંતે અનુસૂચિત જાતિ માટે અમલિત સમાન પ્રકારની યોજનાના ધોરણે ધોરણ-૧૧,૧૨ના વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને તથા આર્થિક રીતે પછાત વર્ગની વિદ્યાર્થીનીઓને NEET, JEE, GUJCAT, PMTની પરીક્ષાની પૂર્વતૈયારી માટે કોચિંગ આપવા માટે તાલીમી સંસ્થાઓની પસંદગી રીઝલ્ટબેઝ ક્રાઇટેરિયા નિયત કરી સંસ્થાઓની પસંદગી કરી તાલીમી સંસ્થા એમ્પેનલ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધા ક્રમાંક (૧), (૨) અને (૩) પરના વિભાગના સરખા ક્રમાંકના ઠરાવોની અન્ય શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ની મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

(૧) માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
(૪) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૫) તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
(૬) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
(૭) સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) (નિયામકશ્રી મારફત)
(૮) સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
(૯) સિલેકટ ફાઇલ